ઈન્ટરનેશનલ ઓપન ગ્રાન્ડ માસ્ટર્સ ચેસમાં ૧૬ દેશોના ખેલાડીઓ ભાગ લેશે

અમદાવાદ : ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનદ્વારા ગુજરાતમાં સૌપ્રથમ વખત ઈન્ટરનેશનલ ઓપન ગ્રાન્ડ માસ્ટર્સ ટુર્નામેન્ટનો પ્રારંભ શુક્રવારથી કર્ણાવતી ક્લબના ગોલ્ડન ગ્લોરી હોલ પર થયો હતો. રૂપિયા ૨૦ લાખની ઈનામી રકમ ધરાવતી આ ટુર્નામેન્ટમાં દેશ-વિદેશના ૬૦૦થી વધુ ખેલાડી જોડે ગુજરાતના ટોપ સીડેડ ખેલાડી યુક્રેનના ક્રિસ્ટિવ માર્ટીને ચેસ બોર્ડ પર એક મૂવ ચાલીને ઉદ્ઘાટન કર્યુ ત્યારે ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનના પ્રમુખ અજય પટેલ, સેક્રેટરી ભાવેશ પટેલ તેમજ વાઈસ પ્રેસિડન્ટ મયર પટેલે ચેસ આયોજનની આ ગૌરવ પળને વધાવી હતી. ૧૬ દેશોના ખેલાડીઓની આ ટુર્નામેન્ટ વર્લ્ડ અને ઈન્ડિયા ચેસ ફેડરેશન અંતર્ગત રમાઈ રહી છે.

નેશનલ કોન્ફરન્સનાં કાર્યકર્તાઓ પર આતંકી હુમલામાં બેના મોત, એક ગંભીર

શ્રીનગર, જમ્મૂ-કાશ્મીરનાં શ્રીનગરમાં નેશનલ કોન્ફરન્સનાં ત્રણ કર્યકર્તાઓ પર આતંકીઓએ હુમલો કર્યો છે, જેમાં બે કાર્યકર્તાઓની મોત થઈ છે. તેમ જ એક કાર્યકર્તા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટના શ્રીનગરનાં કરફલી વિસ્તારની છે. કરફલી વિસ્તારની એક સાંકડી ગલીમાંથી આતંકીઓએ ખુલ્લેઆમ ફાયરિંગ કર્યું હતું. આતંકીઓ પાસે મોટી સંખ્યામાં હથિયારો હતા જ્યારે કાર્યકર્તાઓ પાસે કોઈ પણ પ્રકારનાં હથિયાર નહતાં. કાર્યકર્તાઓ પાસે હથિયાર નહીં હોવાનો ફાયદો ઉઠાવીને આતંકીઓએ તેમના પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જમ્મૂ-કાશ્મીર પોલીસે તે વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. શ્રીનગરનાં એસએસપી ઈમ્તિયાઝ ઈસ્માઈલ પરે એ જણાવ્યું કે, 'દુર્ઘટનામાં બે કાર્યકર્તાઓ માર્યા ગયા છે. જેઓ રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવતા હતા.' ઉલ્લેખનીય છે કે, ૮ ઓક્ટોબરનાં રોજ અહીં પંચાયતની ચૂંટણીનાં પહેલા ચરણ માટે મતદાન કરવામાં આવ્યું હતું. જમ્મૂ-કાશ્મીરમાં ૧૩ વર્ષ બાદ થઈ રહેલી સ્થાનિક ચૂંટણીમાં આતંકી હુમલાનો ખતરો તો પહેલાથી લાગી રહ્યો હતો. આ ચૂંટણીમાં પીડીપી અને નેશનલ કોન્ફરન્સનાં આર્ટિકલ ૩૫છને લઈને ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. પરંતુ કોંગ્રેસ અને ભાજપે મોટેભાગની જગ્યાઓએ પોતાના ઉમેદવારો ઉતાર્યા છે.

ઈન્ડોનેશિયાના સેન્ટ્રલ સુલાવેસી ખાતે આવેલા ભૂકંપ અને સુનામીના કારણ જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું છે જેમાં પશુ પક્ષીઓ તથા પ્રાણીઓને પણ તેની અસર જોવા મળી તેની એક ઝલક આ તસ્વીરમાં છે. જેમાં એક મગરના ગળામાં ફસાયેલ ટાયર.

રશિયન કંપની રોસનેફ્ટનાં મત અનુસાર 'ભારતીય ટેક્સ વ્યવસ્થા અડચણરૂપ'

ન્યુ દિલ્હી, રશિયન ઓઈલ કંપની રોસનેફ્ટ ભારતમાં ઉર્જા ક્ષેત્રે સૌથી મોટી વિદેશી રોકાણકાર કંપની છે. રશિયના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન હાલ ભારતની બે દિવસની મુલાકાતે છે ત્યારે આ રશિયન કંપનીએ ભારતીય ટેક્સ વ્યવસ્થાની ટિકા કરી હતી અને જણાવ્યું કે રશિયન કંપનીના વિસ્તરણ આડે આ ટેક્સ પ્રણાલી મુખ્ય અવરોધ સમાન છે.

રોસનેફ્ટ અને તેના ભાગીદારે ગત વર્ષે ઓગસ્ટમાં ૧૨.૯ અબજ ડોલરના ખર્ચે એસ્સાર ઓઈલને હસ્તગત કરી હતી. જો કે આ સોદા બાદ તે વિશ્વમાં ઝડપથી ઉભરતી રહેલા ઉર્જા બજારમાં પ્રવેશી હતી. આ સોદા બાદ કોર્પોરેટ ટેક્સ તેમજ ડિવિડન્ડ ચૂકવવા ઉપરાંત કંપનીને ૨૦ ટકા જેટલો વિથહોલ્ડિંગ ટેક્સ ભરવો પડે છે જે તેના ગ્રોથ આડે મોટું અડચણ છે તેમ રોસનેફ્ટના ઈકોનોમિક્સ અને ફાયનાન્સના પ્રથમ વાઈસ પ્રેસિડેન્ટ પાવેલ ફેડોરોવે જણાવ્યું હતું.

ફેડોરોવના જણાવ્યા મુજબ ભારતીય બજારમાં ઘણી ક્ષમતા રહેલી છે અને તેટલા માટે જ અમે ભારતમાં રોકાણમાં કરવાનું પસંદ કરીએ છે. પરંતુ ભારતે તેની કર વ્યવસ્થાને આંતરાષ્ટ્રીય સ્તરની સમકક્ષ બનાવવી પડશે અને વિદેશી રોકાણકારોના માથે બેવડો કર ના થોપવો જોઈએ. તેમના જણાવ્યા મુજબ 'જ્યારે કોઈ ભારતીય કંપની રશિયામાં રોકાણ કરે છે તો તેને પણ ટેક્સ અને ડિવિડન્ડ ચૂકવવું પડે છે જ્યારે ભારતમાં કોઈ રશિયાની કંપની રોકાણ કરે છે તો તેણે ટેક્સ અને ડિવિડન્ડ ઉપરાંત ૨૦ ટકા વિથહોલ્ડિંગ ટેક્સ પણ ચૂકવવો પડે છે જે વૈશ્વિક નીતિની સમકક્ષ નથી.'

આ મામલે ઉકેલ લાવવા આંતરિક-સરકારી વાટાઘાટ કરવામાં આવશે તેમ રોસનેફ્ટે જણાવ્યું હતું. દેશમાં નાયરા એનર્જી (અગાઉ એસ્સાર ઓઈલ)માં રોકાણ કરવા ઈચ્છીએ છીએ.

'ઈન્ડિયાસ મોસ્ટ વોન્ટેડ' ફેમ ઈલિયાસી પત્નીની હત્યાના કેસમાં નિર્દોષ જાહેર

ન્યુ દિલ્હી, 'ઈન્ડિયાસ મોસ્ટ વોન્ટેડ' શોના હોસ્ટ અને પત્નીની હત્યા મામલે આજીવન કેદની સજા ભોગવી રહેલા સોહેબ ઈલિયાસીને દિલ્હી હાઈ કોર્ટે રાહત આપતા આરોપમાંથી મુક્તિ આપી છે. ૧૭ વર્ષ પહેલા પત્નીની હત્યાના મામલે દોષી પામેલા ટીવી એક્ટરને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી.

૧૧ જાન્યુઆરી ૨૦૦૦ના રોજ સોહેબ ઈલિયાસીની પત્ની અંજુ ઈલિયાસી શંકાસ્પદ પરિસ્થિતિઓમાં મૃત મળી આવી હતી. તેના શરીર પર ચપ્પાના અનેક ઘા હતા. શરૂઆતમાં અંજુની મોતને આત્મહત્યા માનવામાં આવી પરંતુ અંજુની માતા અને બહેને સોહેબ પર અંજુને આત્મહત્યા કરવા પર મજબૂર કર્યાનો આરોપ મૂકી તેને સજા આપવાની માંગણી કરી હતી. તેમના મુજબ સોહેબ ઈલિયાસી તેની પત્ની અંજુ પાસે દહેજની માંગણી કરતો અને તેની પર ત્રાસ ગુજારતો હતો.

પોસ્ટમોર્ટમ રિપોર્ટ પણ સાબિત કરવામાં અસફળ રહી હતી કે આ હત્યાનો મામલો છે કે આત્મહત્યાનો છે. પરંતુ ઘટનાના ચાર વર્ષ પછી દિલ્હી હાઈકોર્ટે સોહેબ પર હત્યાને મામલે કેસ ચલાવાની અંજુની માતાની અરજી સ્વીકારી હતી. જે પછી દોષી સાબિત થતા સોહેબને દિલ્હી હાઈકોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી.

૨૦૦૦માં ઈન્ડિયાસ મોસ્ટ વોન્ટેડ શોના લીધે સોહેબની કારકિર્દી બુંલદીઓ પર હતી. આ દેશનો પહેલો ક્રાઈમ શો હતો જેમાં ભાગેડુ અપરાધિઓની વિગતો જણાવવામાં આવતી હતી. સોહેબ ઈલિયાસીને એક એવા પત્રકારના રૂપમાં જાણવામા આવતા જેણે ક્રાઈમ જર્નાલિઝમને અલગ દિશા આપી હતી.

રાફેલ ડીલમાં સીબીઆઈની તપાસ માટે પ્રશાંત ભૂષણ અને અરુણ શૌરીની માગ

ન્યુ દિલ્હી, રાફેલ ફાઈટર વિમાન ડીલની તપાસ માટે જાણીતા સિનિયર એડ્વોકેટ પ્રશાંત ભૂષણ અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન અરુણ શૌરીએ સીબીઆઈ સમક્ષ રાફેલ ડીલની તપાસની માગણી કરી છે.

પ્રશાંત ભૂષણ અને અરુણ શૌરીએ સીબીઆઈના ડાયરેકટર આલોક વર્મા સાથે મુલાકાત કરી હતી અને રાફેલ ફાઈટર વિમાન ડીલ સાથે સંકળાયેલ ઓફસેટ કોન્ટ્રાકટમાં થયેલા ભ્રષ્ટાચારની તપાસ કરવા માગણી કરી છે.

પ્રશાંત ભૂષણ અને અરુણ શૌરીએ ભ્રષ્ટાચાર અટકાયત કાયદા હેઠળ સીબીઆઈ સમક્ષ વિસ્તૃત ફરિયાદ સાથે તપાસની જરૂરિયાતની તરફેણમાં જરૂરી દસ્તાવેજો સીબીઆઈને સુપરત કર્યા હતા.

આ ઉપરાંત કોંગ્રેસ નેતાઓએ રાફેલ ડીલમાં કોમ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (કેગ)ની મુલાકાત લીધી હતી અને રાફેલ ડીલનું ઓડિટ કરવા માટેની માગણી રજૂ કરી હતી.

પૂર્વ કેન્દ્રીય પ્રધાન જયરામ રમેશ અને આનંદ શર્માની આગેવાનીમાં પક્ષના પ્રતિનિધિઓએ કેગની મુલાકાત લઈને આ સમગ્ર મામલાનું ફોરેન્સિક ઓડિટ કરાવવાની પોતાની માગણીને લગતા દસ્તાવેજો સુપરત કર્યા હતા. કેગ સાથે મુલાકાત બાદ આનંદ શર્માએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષના આગેવાનો રાફેલ ડીલ અંગે નવી માહિતી અને ખુલાસા સાથે કેગને મળ્યા હતા.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ મામલામાં હજુ વધુ ચોંકાવનારા ખુલાસા થવાના છે. કોંગ્રેસે આ અગાઉ ૧૯ સપ્ટેમ્બરે પણ આ મુદ્દે કેગની મુલાકાત લીધી હતી. રાફેલ ડીલની તપાસ કરાવવાને મામલે કોંગ્રેસે સેન્ટ્રલ વિજિલન્સ કમિશનનો પણ સંપર્ક કર્યો હતો અને આ સંદર્ભમાં એફઆઈઆર દાખલ કરાવી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ના અંતરગ્રત: યોજાશે સૌ પ્રથમ વાર "હેરિટેજ ગરબો ૨૦૧૮"

અમદાવાદ, અમદાવાદ શહેર આર્કિટેક્ચરલ વારસા સાથે સમૃદ્ધ છે જે સ્થાનની સ્થાનિક ઓળખ અને સાતત્ય માટે મહત્વપૂર્ણ છે. ૧૫ મીથી ૧૭ મી સદીઓની અગ્રણી વારસાગત ભારત-ઈસ્લામિક સ્મારકોની સાથે, પોલ્સના સ્વરૂપમાં સંભવિત વારસોની જગ્યાઓ છે, મધ્યયુગીન કાળના પરંપરાગત રહેણાંક સમૂહ, જે અમદાવાદને અસાધારણ બનાવે છે. આ બધાને જોડીને, અમદાવાદની ઐતિહાસિક દિવાલો ધરાવતી શહેર એ ૨૦૧૭ ની યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સિટી સૂચિમાં ભારતના પ્રથમ શહેરમાં સામેલ છે. આ ગૌરવ ની વાત વધારે મહત્વ પૂર્ણ સાબિત કરવા અમદાવાદીઓ ના મનપસંદ તહેવાર નવરાત્રી જેમાં દરેક વસ્તુ માં ક્યાંક ને ક્યાંક સંસ્કૃતિ ની ઝાંખી થતી હોય છે તેવા નવલી નવરાત્રી ના તહેવારનું પ્રોક્રિએશન ઈવેન્ટ દ્વારા અમદાવાદ માં તા. ૧૦ થી ૧૯ સુધી - ૧૦ દિવસીય નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું છે. જે આકાશ અમન પાર્ટી પ્લોટ ખાતે થશે. જેમાં અમદાવાદ ના જાણીતા દરેક હેરિટેજ રસ્તાઓ, જગ્યાઓ, પોળો, ખાણીપીણી કે બીજી કોઈ પણ વસ્તુ કે જેના કારણે અમદાવાદ શહેર ને આ ઉપનામ મળ્યું છે તે દરેક સિમ્બોલિક વસ્તુઓ ઉપયોગ ગ્રાઉન્ડ ના ડેકોરેશન માં કરવામાં આવશે. આ માટે સતત ૩ મહિનાથી પ્રોક્રેએશન કંપનીની ટીમ ના મીનલ ભુવા, વિકાસ ડાહીયા, રિચા પટેલ, ચિંતન પટેલ, જયદીપ દત્તાની અને બરખા ગેહલોટ જોડાયેલા છે.

આ અનોખા ગરબા વિશે વાત કરતા પ્રોક્રેએશન ઈવેન્ટ કંપનીના ડાયરેક્ટર મીનલ ભુવાએ જણાવ્યું હતું કે, હાલમાં અમદાવાદને મળેલ હેરિટેજ સીટી ના ગૌરવ ને દયાન માં રાખીને પ્રોક્રિએશન ટીમેં સૌ પ્રથમ વાર આ હેરિટેજ થીમ બેસ ગરબા નું આયોજન કર્યું છે. (૧૯-૮)

કર્ણાટકના ૧૨ જિલ્લામાં એલર્ટ : માછીમારોને દરિયામાં ન જવા ચેતવણી

તિરૂવનંતપુરમ, ઓગસ્ટમાં દક્ષિણ પશ્ચિમ વરસાદનો કહેર ભોગવી ચૂકેલા કેરળમાં ફરી ભારે વરસાદની આશંકા વ્યક્ત કરાઈ છે. તેથી રાજય સરકારે ગુરુવારે આપત્તિથી બચવાની તૈયારીઓ શરૂ કરી છે. હવામાન વિભાગે પાડોશી રાજય તમિલનાડુ અને પુડુચેરીમાં પણ ભારે વરસાદની ચેતવણી આપી છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલા બુલેટિન મુજબ, દક્ષિણ પૂર્વ અરબ સમુદ્ર ઉપર બનેલા નીચા દબાણના ક્ષેત્રના કારણે સાત ઓક્ટોબર (રવિવાર)થી કેરળ, તમિલનાડુ અને પુડુચેરીના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. નીચા દબાણનું આ ક્ષેત્ર ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થઈ શકે છે જેના કારણે કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગના અનુમાન પ્રમાણે કેરળના ઈડુક્કી અને મલપપુરમ જિલ્લાઓમાં રેડ એલર્ટની જાહેર કરાયું છે. આપત્તિ સંચાલન પ્રાધિકરણના અધિકારીઓએ ગુરુવારે તૈયારીઓની સમીક્ષા કરી હતી. અધિકારીઓને ડેમના જળસ્તર પર નજર રાખવાની સૂચના આપવામાં આવી છે. થ્રીસુર અને પલક્કડ જીલ્લામાં ડેમના દ્વાર ખોલી દેવામાં આવ્યા છે જેથી વધારાના પાણીનો નિકાલ કરી શકાય.

આ ઉપરાંત શનિવારથી દરિયામાં પણ પરિસ્થિતિ ખરાબ રહેવાની આશંકા છે, તેથી માછીમારોને દરિયામાં ન જવાની ચેતવણી આપવામાં આવી છે. તમિલનાડુમાં જિલ્લા કલેક્ટરોને તમામ સાવચેતીના પગલાં ભરવા માટે જણાવવામાં આવ્યું છે. ચેન્નાઈ અને પુડુચેરીમાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદ વરસી રહ્યો છે. પુડુચેરીમાં ગુરુવારે ભારે વરસાદના કારણે મોટાભાગની શાળા-કોલેજો બંધ રાખવામાં આવી હતી.

મુખ્યમંત્રી રૂપાણીએ 'એબીપી અસ્મિતા - સત્યના પ્રયોગો'નું ઉદ્ઘાટન કર્યું

અમદાવાદ, શ્રી મહાત્મા ગાંધીની ૧૪૯મી જન્મ જયંતીની ઊજવણીના ભાગરૂપે એબીપી ન્યૂઝ નેટવર્કની અગ્રણી ગુજરાતી ન્યૂઝ ચેનલ એબીપી અસ્મિતાએ 'સત્યના પ્રયોગો' નામથી એક દિવસ લાંબી સભાનું આયોજન કર્યું હતું. આ સભાનું ઉદ્ઘાટન માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ કર્યું હતું. આ સભા મહાત્મા ગાંધીની આત્મકથા 'સત્યના પ્રયોગો' પરથી પ્રેરિત હતી. આ પ્રસંગે સમાજ અને ઉદ્યોગના વિવિધ ક્ષેત્રોની પ્રસિદ્ધ હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. તેમણે તેમના જીવનના અનુભવો અને પ્રેરક ઘટનાઓ લોકો સાથે શેર કર્યા હતા. આ સભાના કેટલાક અગ્રણી વક્તાઓમાં યોગ ગુરુ બાબા રામદેવ, ગુજરાત કોંગ્રેસના પક્ષ પ્રમુખ શ્રી અમિત ચાવડા, પ્રખ્યાત ગુજરાતી કલાકારો શ્રી નરેશ કનોડિયા અને હિતુ કનોડિયા, એશિયન ગેમ્સ, ૨૦૧૮ની ગોલ્ડ મેડલિસ્ટ સુશ્રી સરિતા ગાયકવાડ, ગુજરાતના રમત-ગમત મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, ગુજરાતના મુખ્ય સચિવ શ્રી જે. એન. સિંહ, બોલિવૂડના પ્રખ્યાત અભિનેતા સંજય દત્ત અને અન્યોનો સમાવેશ થાય છે.

આ સભા અંગે વાત કરતાં એબીપી ન્યૂઝ નેટવર્કના સીઓઓ શ્રી અવનિશ પાંડેએ જણાવ્યું હતું કે, 'એબીપી અસ્મિતા તેના દર્શકોને સૌથી વધુ વિશ્વસનીય, નિષ્પક્ષ અને સંશોધિત સમાચારો રસપ્રદ સ્વરૂપમાં આપવામાં વિશ્વાસ ધરાવે છે. 'સત્ય ના પ્રયોગો' સમાજની આ મહાન પ્રતિભાઓની વિવિધ વિચારધારા પર પ્રકાશ પાડવાનો અને તેમના જીવનના મુશ્કેલ સમયનો તેમણે કેવી રીતે સામનો કર્યો તે દર્શાવવાનો વધુ એક નવીન કાર્યક્રમ છે.'(૧૬)

અમેરિકન બજારમાં કડાકો: ડાઉ જોન્સ ૨૦૧ પોઈન્ટ તૂટ્યો

વોશિંગ્ટન, ભારતીય શેરબજારની જેમ અમેરિકાના શેરબજારમાં પણ આજે કડાકો જોવા મળ્યો હતો. બોન્ડ યીલ્ડ વધવાથી અમેરિકન શેરબજારમાં પણ તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. ૧૦ વર્ષના યુએસ બોન્ડની યીલ્ડ સાત વર્ષની ઊંચાઈએ પહોંચી ગઈ છે.

અમેરિકામાં રોજગારના મજબૂત આંકડાથી બોન્ડ યીલ્ડ વધી છે. અમેરિકામાં બેરોજગારીનો દાવો કરનારા આંકડા ૪૯ વર્ષની સર્વાધિક નીચી સપાટીએ આવી ગયા છે. બોન્ડ યીલ્ડ વધવાના પગલે ડાઉ જોન્સમાં બે મહિનાની સૌથી નીચી સપાટી જોવા મળી હતી. ડાઉ જોન્સ ૨૦૧ પોઈન્ટ એટલે કે ૦.૭૫ ટકાના કડાકા સાથે ૨૬,૬૨૭.૫ની સપાટી પર બંધ આવ્યોછે. નાસ્દેક ૧૪૬ પોઈન્ટએટલે કે ૧.૮ ટકા તૂટીને ૭,૮૭૯.૫ની સપાટીએ બંધ રહ્યો છે. એસએન્ડપી-૫૦૦ ઈન્ડેક્સ ૨૪ પોઈન્ટ એટલે કે ૦.૮ ટકા ઘટીને ૨,૯૦૧.૬ની સપાટીએ બંધ થયો છે.

અમેરિકન બજારોની જેમ એશિયાઈ બજારમાં પણ નરમાઈનો માહોલ નજરે પડેછે. જાપાનનો નિક્કી ૧૬૩ પોઈન્ટ એટલે કે ૦.૭ ટકા તૂટીને ૨૩,૮૧૩ની સપાટીએ ટ્રેડ કરી રહ્યો છે.

હેંગસેંગ ૪૨૫ પોઈન્ટ એટલે કે ૧.૫ ટકા કરતા વધુ તૂટીને ૨૬,૬૬૮ની સપાટીએ ટ્રેડ કરી રહ્યો છે.

મુસાફરોએ રેલવેમાંથી એક વર્ષમાં રૂ.૬૦ લાખથી વધુ વસ્તુની ઉઠાંતરી કરી..!!

ન્યુ દિલ્હી, પ્રવાસીઓએ ભારતીય રેલવેને પોતાનું ઘર માની લીધું હોય તેમ લાગી રહ્યું છે. આવું અમે નથી કહી રહ્યા પરંતુ ભારતીય રેલવે તરફથી જારી કરવામાં આવેલા આંકડા જણાવી રહ્યાં છે. રેલવેમાં યાત્રા દરમિયાન આપવામાં આવતી વસ્તુઓનો ઉપયોગ પ્રવાસીઓએ તેમના ઘરે કરવાનું શરુ કર્યું છે. કારણકે, પ્રવાસીઓ રેલવેની વસ્તુઓની ઉઠાંતરી કરીને તેને ઘરભેગી કરે છે. પશ્ચિમ રેલવે દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ જે માહિતી મળી છે તે પ્રમાણે વીતેલા નાણાકીય વર્ષ દરમિયાન ભારતીય રેલવેમાંથી ૧.૯૫ લાખ ટુવાલ ચોરી કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૮૧ હજાર ૭૩૬ ચાદર, ૫ હજાર ૩૮ તકિયા, ૫૫ હજાર ૫૭૩ તકિયા કવર અને ૭ હજાર ૪૩ ધાબળાઓ ચોરી થયાના મામલા પ્રકાશમાં આવ્યા છે.

મુસાફરોએ ચારી કરવામાં ટોઈલેટ મગને પણ બાકી રાખ્યા નહીં. વર્ષ દરમિયાન ૨૦૦ ટોઈલેટ મગ, એક હજાર બાથરુમના નળ અને ૩૦૦ ફ્લશ પાઈપ પણ ચોરી કરવામાં આવ્યા છે. ચોરી કરવામાં આવેલી વસ્તુઓની કિંમત આશરે ૬૨ લાખ જણાવવામાં આવી છે. ગત ત્રણ વર્ષમાં ભારતીય રેલવેને ઉપરોક્ત ઘટનાઓને કારણે લગભગ રુપિયા ચાર હજાર કરોડનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ટ્રેનના કોચમાંથી ચોરી થયેલા તકિયા, ચાદર સહિતની વસ્તુનું નુકસાન કોચ અટેન્ડેન્ટને ભોગવવાનું હોય છે. જયારે બાથરુમમાંથી કોઈ વસ્તુ ચોરી થાય છે ત્યારે તેની ભરપાઈ કરવાની જવાબદારી ભારતીય રેલવેની હોય છે. ટ્રેનના સામાનની ચોરીની ઘટનાઓ અટકાવવા માટે સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો અને પ્રવાસીઓને કરવામાં આવતી અપીલ યાત્રીઓ પર કંઈ વિશેષ છાપ છોડી રહેલા નથી જણાઈ રહ્યા.

ઉત્તરાખંડ સરહદ પરના ભારતના ગામડાઓનુ પેટ ભરવામાં ચીનનો હાથ

પિથોરાગઢ, ભારતની સીમામાં ચીનના સૈનિકો જ નહી પણ ચીનમાં બનેલી વસ્તુઓની પણ ઘૂસણખોરી થઈ રહી છે.

ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં આવેલી બ્યાસ ખીણના સાત ગામડાઓમાં લોકોનુ પેટ જ ચીનના કારણે ભરાય છે તેમ કહીએ તો ખોટુ નથી. આ સાત ગામમાં લગભગ ૪૦૦ પરિવારો રહે છે પણ તેમની રોજની જરુરિયાતની વસ્તુઓ માટે ઉત્તરાખંડ સરકાર તરફથી જે પૂરવઠો મોકલવામાં આવે છે તે ઓછો પડે છે. કારણકે વર્ષમાં સેકંડો મહિના ગામો સાથે જોડાયેલો રસ્તો બંધ રહેતો હોય છે. જેના કારણે તેમને વાયા નેપાળ થકી ચીનનુ મીઠુ, ખાવાનુ તેલ, ચોખા અને ઘઉંનો ઉપયોગ કરે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં હોમીગો ઘડિયાળ માં ૩ ગણી વૃદ્ધિ નોંધાઈ

સુરત, ઉભરતા સ્ટાર્ટઅપ હોમીગો ઘડિયાળ એ જાહેર કર્યું કે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં કંપનીએ ૩ ગણી વૃદ્ધિ નોંધાઈ છે. ૨૦૧૫ માં આઈઆઈટી કાનપુરમાંથી સ્નાતકો દ્વારા સ્થાપાયેલી, આ બેંગ્લોર સ્થિત કંપની 'ઘરેથી દૂર રહેવા' ની સંસ્કૃતિને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે પ્રતિબદ્ધ છે. તેને હિતેશ રોહેરા (સુરતથી પ્રસિદ્ધ રીઅલ એસ્ટેટ બિઝનેસ સન્માન), રામકાંત શર્મા અને અનુજ શ્રીવાસ્તવ (સહ સ્થાપક, લાઈવસ્પેસ), અસવિની કુમાર (સ્થાપક, થિંકસોફ્ટ ગ્લોબલ - ૨૦૦૯ માં આઈપીઓ) ચૈતન્ય વી કોથા (૧૫૦+ વર્ષ જૂના દાગીનાના વ્યવસાય ચલાવે છે), અશોક અહુજા (સિનિયર પાર્ટનર, એડલવિસ ફાઈનાન્સિયલ સર્વિસીસ), આનંદ સંઘિ અને હિતેશ પ્રજાપતિ (વર્ટીવના વરિષ્ઠ નેતાઓ), અને કિરણ જૈન (ભૂતપૂર્વ બિઝનેસ હેડ, એચડીએફસી બેન્ક).સહિત માર્કી રોકાણકારોની યાદી દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

ઘોષણા અંગે બોલતાં, હોમીગોના સહ-સ્થાપક અને સીઈઓ શ્રી નિર્ભુજ બાથેજાએ જણાવ્યું હતું કે "હોમીગોની સફળતાની વાર્તા માત્ર શરૂ થઈ છે. આ વર્ષે અમે નવા ભૌગોલિક વિસ્તારોમાં વિસ્તરણ અને ઘરેથી દૂર ઘર પ્રદાન કરવા માટે વધુ મિલેનિયલ્સ સુધી પહોંચવા તરફ જોઈ રહ્યા છીએ. આ બધા વર્ષોમાં માર્ગદર્શન અને સહાય માટે અમે અમારા રોકાણકારો માટે હિતેશ રોહેરાનો આભારી છીએ."(૧૩-૯)

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Mayur C Bhatt., Place of Pub: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Owner : Kalyani Pub. Pvt. Ltd.

Muthoot Homefin

સરનામું-૧૨મો માળ, યુનિટ નં.૧૨૦૧,૧૨૦૨, એ વિંગ, લોટસ કોર્પોરેટ પાર્ક, ડબ્લ્યુ. ઈ. હાઈવે, ગોરેગાંવ,(ઈ) મુંબઈ-૪૦૦૦૬૩

કબ્જા નોટીસ

(સીકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ ૨૦૦૨ના નિયમ ૮(૧)ના પરિશિષ્ઠ ૪ વાંચતા પ્રમાણે)

મુથુટ હોમફીન (ઈન્ડીયા) લીમીટેડના જે હોય તે સત્તાવાર અધિકારી જેમણે સહી કરી છે. સીકયુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨, અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ તેની સાથે નિયમ ૯ વાંચતા અનુચ્છેદ ૧૩ (૨) હેઠળ મળેલી સત્તાની રુએ કરજદાર **શ્રી નાથાભાઈ વશરામભાઈ સાવલીયા અને શ્રીમતી ગીતાબેન નાથાભાઈ સાવલીયાને** માંગણા નોટીસ આપી કે નોટીસમાં જણાવ્યા પ્રમાણેની રકમ **રૂા.૫૭,૬૩,૭૧૨/- (રૂપિયા સતાવન લાખ ત્રેસઠ હજાર સાત સો બાર પુરા)** તેની સાથે @૧૨.૫ ટકા વ્યાજ + @૨૪ ટકા વાર્ષિક પેનલ વ્યાજ,ખર્ચ, કોસ્ટ વગેરે **૩૦/૦૬/૨૦૧૮** સુધી આ નોટીસની તારીખ થી ૬૦ દિવસની અંદર ભરી જવા માટે જણાવવામાં આવ્યુ હતુ.

નોટીસમાં જણાવ્યા પ્રમાણેની રકમ ચુકવવામાં કરજદાર નિષ્ફળ ગયા છે.તેથી કરજદાર અને ખાસ કરીને જાહેર જનતાને જણાવવાનું કે આ કાયદાની કલમ ૧૩(૪) તેની સાથે નિયમ ૯ વાંચતા મળેલી સત્તાની રુએ નીચે સહી કરનાર સત્તાવાર અધિકારીએ નીચે વર્ણવેલી મિલકતનો કબ્જો **તારીખ. ૦૫ ઓકટોબર, ૨૦૧૮** ના રોજ લીધો છે.

ખાસ કરીને કરજદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે આ મિલકત સાથે કોઈ વ્યવહાર કરવો નહી, આ મિલકત **મુથુટ હોમફીન (ઈન્ડીયા) લીમીટેડના રૂા.૫૭,૬૩,૭૧૨/- (રૂપિયા સતાવન લાખ ત્રેસઠ હજાર સાત સો બાર પુરા)**ની રકમ અને તે ઉપરાંતનું વ્યાજ, તદ ઉપરાંત પેનલ વ્યાજ @૨૪ ટકા, ચાર્જીસ, કોસ્ટ વગેરે **તા.૩૦/૦૬/૨૦૧૮** થી તાબામાં છે.

સ્થાવર મિલકતનું વર્ણન

સ્થાવર મિલકત : પ્લોટ નં. ૭૯ના તમામ ભાગ હિસ્સા,માપ ૧૪૯.૬૨ સ્કેવર મીટર્સ, અલગથી મિલકતના અવિભાજીત શેર માર્જીન માપ ૪.૭૫ સ્કેવર મીટર્સ, જે વી.ટી. નગર સરઘાણા જકાતનાકા સુરત ગુજરાત-૩૯૫૦૦૬ સોસાયટી બ્લોક નં. ૧૨૫ ટી.પી. સ્કીમ નં. ૨૧ જે વેચાણ કરારમાં ની વિગતો રજીસ્ટાર દસ્તાવેજ ક્રમ નં. ૧૧૮૭૫/૨૦૧૬, **તારીખ ૨૧/૧૦/૨૦૧૬**માં જોઈન્ટ સબ રજીસ્ટર નવાગામની ઓફીસ માં છે.

તેની ચારે બાજુ : -

પૂર્વે : પ્લોટ નં.૮૦ પશ્ચિમે - ખુલ્લી જગ્યા

દક્ષિણે :- કોમન પ્લોટ ઉત્તરે :- ૨૦ ફીટ સોસાયટી ઈન્ટરનલ રોડ

સહી/-

સ્થળ : સુરત **ઓથોરાઈઝડ ઓફિસર,**

તારીખ: ૦૫/૧૦/૨૦૧૮ **મુથૂટ હોમફીન (ઈન્ડિયા) લીમીટેડ**

Muthoot Homefin